गूजरात हिंदी-हिंदुस्तानी प्रचार समिति
हिंदी भवन
Gujarat Hindi-Hindustani Prachar Samiti
Hindi Bhavan
डो. लक्ष्मणभाई अवैया
संयोजक

गूजरात विद्यापीठ
( १९२० में महात्मा गांधी द्वारा स्थापित )
GUJARAT VIDYAPITH
(Founded By Mahatma Gandhi in 1920)
Dr. Laxmanbhai Avaiya
Co-ordinator


Ref. संदर्भ :

Date दिनांक : 01.12.2017

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

.......................................,

.......................................,

**વિષયઃ- ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત ગાંધી વિચાર પ્રચાર તેમજ હિંદી પરીક્ષાઓ શાળા કક્ષાએ યોજવા અંગે.**

સુજ્ઞશ્રી,

સાદર વંદન,

ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના 1920માં પૂ. મહાત્મા ગાંધીજીએ કરી હતી. પૂ. ગાંધી બાપુની પ્રેરણાથી 1946થી હિંદી-હિંદુસ્તાની પ્રચાર સમિતિ દ્વારા હિંદી પ્રચાર-પ્રસારનું કામ થઈ રહ્યું છે. ગુજરાત વિદ્યાપીઠ દ્વારા શાળાઓમાં વિવિધ સ્તરની હિંદી પરીક્ષાઓ તેમજ ગાંધી વિચાર-પ્રચાર પરીક્ષાઓ દર વર્ષે યોજાય છે.

હિંદી પરીક્ષાઓનું ફેબ્રુઆરી અને સપ્ટેમ્બર તથા ગાંધી વિચાર પરીક્ષાઓનું 30 જાન્યુઆરી અને 2જી ઑક્ટોમ્બરે આયોજન કરવામાં આવે છે. હિંદી તેમજ ગાંધી વિચારના પ્રસાર-પ્રચારમાં અનેક શૈક્ષણિક સસ્થાઓ, વિદ્યાલયો અને મહાવિદ્યાલયોનો સહયોગ અને સમર્થન મળતું રહ્યું છે. તેથી આ પ્રચાર અને પ્રસાર કાર્ય ઉત્તમ રીતે થઈ રહ્યું છે.

આ રાષ્ટ્રિય કાર્યમાં આપનો પ્રશાસનિક સહયોગ પણ અપેક્ષિત છે. આપની કક્ષાએથી આપના કાર્યક્ષેત્ર હેઠળની શાળાઓને હિંદી તેમજ ગાંધી વિચારની પરીક્ષાઓ શાળા કક્ષાએ યોજવા માટેની ભલામણ બાબતનો પરિપત્ર કરવા માટે નમ્ર વિનંતી, જેથી શિક્ષકો ઉત્તરોત્તર આ કાર્યમાં સહયોગી થવા તત્પરતા દર્શાવે. આગામી સમયમાં યોજાનાર બંને પરીક્ષાઓની વિગત નીચે દર્શાવવામાં આવી છે.

**(1) ગાંધી વિચાર પરીક્ષાઓ ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે.**

| ક્રમ | પરીક્ષા | ધોરણ | ફી | તારીખ | સમય |
|---|---|---|---|---|---|
| 1. | ગાંધી જીવન ઝાંખી | 6 | 10.00 | 30.01.2018 | 11.00 થી 1.00 |
| 2. | ગાંધી જીવન સ્મૃતિ | 7 | 15.00 | 30.01.2018 | 11.00 થી 1.00 |
| 3. | ગાંધી વિચાર પ્રવેશ | 8 | 20.00 | 30.01.2018 | 11.00 થી 2.00 |
| 4. | ગાંધી વિચાર પરિચય | 9 | 25.00 | 30.01.2018 | 11.00 થી 2.00 |
| 5. | ગાંધી વિચાર [illegible] | 11 | 35.00 | 30.01.2018 | 11.00 થી 2.00 |


Public Trust Register Number E591
(University established under Section 3 of the UGC Act, 1956 vide Notification No. F.10-20/62-U2 of the Govt. of India)
Ashram Marg, Gujarat Vidyapith, Ahmedabad - 380 014.
Ph. : (O) 079-40016374, (M) 09427616554 (Fax) 079-27542547
• Email : hindibhavan@gujaratvidyapith.org

(2) **હિંદી પરીક્ષાઓ ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે.**

| ક્રમ | પરીક્ષાનું નામ | કક્ષા | ફી | પરીક્ષા તારીખ | સમય |
|---|---|---|---|---|---|
| 1. | હિંદી બાલપોથી | 6 | 15.00 | 25.02.2018 | 11.00 થી 1.00 |
| 2. | હિંદી પહલી | 7 | 20.00 | 25.02.2018 | 11.00 થી 1.00 |
| 3. | હિંદી દૂસરી | 8 | 25.00 | 25.02.2018 | 11.00 થી 1.00 |
| 4. | હિંદી તીસરી | 11.12 | 75.00 | 24/25.02.2018 | 11.00 થી 2.00 |
| 5. | હિંદી વિનીત | 12 પાસ | 100.00 | 24/25.02.2018 | 11.00 થી 2.00 |

- હિંદી તીસરી પરીક્ષામાં બેસવા માટે હિંદી દૂસરી અથવા એસ.એસ.સી પાસ હોવું જરૂરી છે.
- હિંદી વિનીત પરીક્ષામાં બેસવા માટે હિંદી તીસરી અથવા.એચ.એસ.સી પાસ હોવું જરૂરી છે.

વધુ વિગત માટે સંયોજક, ગૂજરાત હિંદી-હિંદુસ્તાની પ્રચાર સમિતિ, હિંદીભવન, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-380014નો સંપર્ક કરવા વિનંતી છે.

ફોન.નઃ- 079 40016374 / 375 /376

મો.નઃ- 9427616556

સહકારની અપેક્ષા સહ,

આભાર,

( ડૉ. લક્ષ્મણભાઈ અવૈયા )

સંયોજક

ક્રમાંક /મા.વિ.૪/પરિપત્ર/૨૨૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૧૨-૧૨-૨૦૧૭

૨/- નકલ રવાના અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી મા અને ઉ.મા/
ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ શાળાઓ તમામ
જિ. બનાસકાંઠા